એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૩૨(નેગો.ઈ.એકટ કોર્ટ ), અમદાવાદ.

---

**ફોજદારી કેસ નંબર : ૧૪૧–૨૦૧૬**

*ફરિયાદી :* *ભાગ્યલક્ષ્મી ફુડ પ્રોડકટસ પ્રા.લી. + 1*

***વિરુઘ્ઘ***

*તહોમતદાર :* *આશાપુરા ટ્રેડર્સ + 1*

***<u>આંક–૧ તળે હુકમ</u> :***

કેસનું રેકર્ડ વંચાણે લીધું.

કેસનું રેકર્ડ ઘ્યાને લેતાં, આ કામે ફરિયાદી ઘ્વારા આરોપી સામે **તા.૨૮–૧–૨૦૧૬** ના રોજ ફરીયાદ અદાલતમાં દાખલ કરવામાં આવેલ હતી. સદર કામે ફરીયાદી આરોપીને પ્રોસેસની બજવણી કરાવી શકેલ નથી. ફરિયાદપક્ષે મુદતે કોઈ હાજર રહેતુ ન હોવાનું રોજકામ જોતા ફલિત થાય છે. ફરિયાદીને તેમનો કેસ ચલાવવાની વારંવાર તક આપવા છતાં આ કેસની કાર્યવાહી આગળ ચાલી શકેલ નથી. રેકર્ડ ઘ્યાને લેતાં મુદતે ફરીયાદપક્ષે કોઈ હાજર રહેતા નથી. આજરોજ ફરીયાદીનો વારંવાર પોકાર કરાવવા છતાં ફરીયાદી હાજર નથી તેમજ ફરીયાદી તર્ફે કોઈ રજુઆત નથી.

કેસનું રેકર્ડ જોતાં, હાલનો કેસ ઘણો જુનો છે અને ફરિયાદપક્ષે કોઈ હાજર રહેતુ ન હોય અને આરોપીને પ્રોસેસની બજવણી કરવા માટે ફરીયાદપક્ષે કોઈ રસ દાખવેલ ન હોય તથા આ સંબંઘે નામદાર સુપ્રિમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામારેડ્ડી, (૨૦૦૮)(૦)એ.આઈ.આર.(એસ.સી.) ૨૦૬૬ ના ચુકાદામાં ઠરાવેલ સિઘ્ધાંત મુજબ ફરિયાદીને અચોકકસ સમયગાળા માટે ફરિયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહીં તે ઘ્યાને લેતાં તથા સાથોસાથ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯, તારીખ ૧૮.૦૧ .૨૦૧૦ નો ચુકાદો ઘ્યાને લેતાં તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કેસની કાર્યવાહી આગળ ઘપાવવા કોઈ સક્રિય પ્રયાસ કરતાં ના હોય તો તેને ફરિયાદપક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરિયાદ રદ થવાને પાત્ર ઠરે છે. આમ, ઉપર કરેલ ચર્ચા મુજબ હાલના કેસમાં પણ ફરિયાદ ફરિયાદીની કસુરના કારણે **ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૫૬** અન્વયે આ કેસ ન્યાયના વિશાળ હિતમાં રદ કરવાને પાત્ર હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

હાલની ફરિયાદ, ફરિયાદીની બેદરકારી અને કસુરના કારણે '' **૨૬** '' કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૯ મી, માહે –જુલાઈ, સને ૨૦૨૩ ના રોજ વાંચી સભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ

તારીખ : ૧૯–૦૭–૨૦૨૩

**( ચિરાગકુમાર રમેશચંદ્ર પટેલ )**

એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ

(નેગો.ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, કોર્ટ નં. ૩૨)

અમદાવાદ (જીજે–૦૧૧૩૬)